જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૦૩/૦૮/૨૦૨૨ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૧૩૭૭/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬ | ૪,૫૫,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૩૭૬ લીટર દેશી દારૂ, ૧૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૯૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૭ બિયર ટીન, ૧ કાર, ૧ રિક્ષા, ૧ મોટર સાયકલ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૦,૩૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૦/૨૦૨૨**

**અમરાઈવાડીઃ** તેજસકુમાર કરસનભાઇ પટેલ (ઉ.વ.૪૧) (રહે. સુવર્ણ એપાર્ટમેન્ટ નિર્ણયનગર રોડ રાણીપ) એ તા.૦૨/૦૮/૨૦૨૨ ના રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૫/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ક્રીશ્રીયન રોબીન સેમ્યુલ (રહે. ધનલક્ષ્મી ફ્લેટ નાંદેજ બડોદરા તા-દસકોઇ જીલ્લો-અમદાવાદ) એ અમરાઇવાડી ખોખરા સર્કલ રાધે-શોપીંગ મોલ ઓફીસ-બી/૨૧ ખાતે વિઝીટર વીઝા અને વર્ક પરમીટ વીઝા કરી આપવાની ઓફીસ ધરાવી તેજસકુમાર પટેલ પાસેથી રૂપિયા ૧૧,૦૦,૦૦૦/- તથા અન્ય સાહેદ પાસેથી વિઝીટર વીઝા અને વર્ક પરમીટ વીઝા આપવાના બહાને રૂપિયા મેળવી લઇ પાસપોર્ટ મેળવી લઇ અને વિઝીટર વીઝા અને વર્ક પરમીટ વીઝા નહી આપી કે પાસપોર્ટ પણ પરત નહી આપી નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આર.મકવાણા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૧/૨૦૨૨**

**ગોમતીપુરઃ** મોહમંદઈમરાન રીયાઝુદ્દીન મંસુરી (રહે. નળીયાવાળી ચાલી ઝુલતા મિનારા રોડ ગોમતીપુર) એ તા.૦૨/૦૮/૨૦૨૨ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૭/૨૦૨૨ કલાક ૧/૩૦ થી બપોરના ૩/૩૦ વાગ્યા દરમ્યાન ગોમતીપુર મરીયમબીબી મસ્જીદ પાછળ છોટાલાલની ચાલી ગેટ નંબર-૦૫ ખાતે મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઘરમાંથી શર્ટ નંગ-૪૯૮ કિમત રૂપિયા ૯૯,૬૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી યુ.કે.અલગોતર ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૮૨/૨૦૨૨</u>**

**બાપુનગરઃ** વિમળાબહેન ધીરૂભાઈ પટેલ (ઉ.વ.૬૨) (રહે. ગોપીનાથ સોસાયટી નવદિપ મેડીકલની બાજુમાં ઇન્ડિયા કોલોની રોડ બાપુનગર) તા.૩૧/૦૭/૨૦૨૨ કલાક ૫/૪૫ વાગ્યાના સુમારે બાપુનગર ઇન્ડિયા કોલોની રોડ રામજી મંદિર સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ વિમળાબહેન પટેલના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૯૦,૦૦૦/- ઝુંટવી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ વિમળાબહેન પટેલે તા.૦૨/૦૮/૨૦૨૨ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.કુંપાવત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી